૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭

**પાટણના ત્રીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, મુ. પાટણ.**

( યુ.એસ.પરમાર. ત્રીજા અધિક ચીફ મેજી., પાટણ )

૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭

**<u>ક્રિમીનલ કેસ નંબર :–૩૫૫૬/૨૧</u>**

આંક :– ૪

**ફરિયાદી** **:–** ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિરૂધ્ધ**

**આરોપી** **:–** ઠાકોર કારાજી ભીખાજી

રહે.ઠાકોરવાસ રાજપુર.

ગુનો :– **<u>ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબ...</u>**

## // ઠ રા વ //

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે :–

આ કામના આરોપીએ જાહેર માર્ગ ઉપર પોતાની વાહન ની ભયજનક રીતે રાહદારીઓને અંતરાય ઉભો કરી અડચણરૂપ થાય તે રીતે ઉભી રાખી ગુનો કરેલ છે. જે મતલબનું ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબના શિક્ષાનેપાત્ર ઉપરોકત ગુનાનું આંક – ૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીઓને સમન્સ કરતા, આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૦૭ મુજબ આરોપીઓને તેની સામેના પોલીસ કેસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ અત્રેની અદાલત ધ્વારા આ કામના આરોપીની આંક –૩ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા, આરોપીએ સદર ગુનો તેઓને કબુલ મંજુર હોવાનું જણાવેલ છે. સદરહું આરોપીએ તેઓની આંક – ૨ ની કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે, આરોપીઓને આવવા જવાનો ઘણો ખર્ચ થાય છે તેમજ સમય બગડતો હોઈ અને અમારો પ્રથમ ગુનો છે, આરોપીઓ ગરીબ મજુર વર્ગના માણસ છે. વધુમાં આરોપીઓએ મૌખિકમાં તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે છે તેમજ આવા પ્રકારનો ગુનો ભવિષ્યમાં કરશે નહીં તેવું જણાવેલ છે.

(૩) આ કામે આરોપી સામેનો ગુનો ધ્યાનમાં લેતાં આ આરોપી સામે ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબની ફરીયાદ છે. વધુમાં આ કામે આરોપીની ઉપરોકત ગુના કબુલાત પુરસીસ અન્વયેની રજુઆત ધ્યાનમાં લેતાં આરોપીએ રજુ કરેલ કારણો ઓછી સજા અને દંડ કરવા માટેના ખાસ અને પુરતા કારણો છે. વધુમાં આરોપી કુટુંબની જવાબદારી ધરાવતા વ્યકિત છે તેવી તેમની ગુના કબુલાત ધ્યાનમાં લેતાં તેમજ આવો ગુનો ફરીવાર નહીં કરવાની ખાતરી આપેલ છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**// હુ ક મ //**

-- ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૨ અન્વયે આરોપીઓને ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

-- આ કામના દરેક આરોપીને ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબના ગુના સબબ આરોપીને રૂા.૫૦/-( અંકે રૂપિયા પચાસ પુરા ) નો દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન-૧૦ ની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

-- આરોપીના જામીનખત અપીલ સમય સુધી અથવા ૬(છ) માસ સુધી ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ, **તા.૧૦ મી** માહે **જુલાઈ ,** સને **૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૭/૨૦૨૧.
પાટણ.

**( યુ.એસ.પરમાર)**
ત્રીજા અધિક ચીફ મેજી., પાટણ
જજ કોડ નં. જીજે ૦૧૧૬૦
સ્પેશ્યલ સીટીંગ